# આર્થિક સહાયતા નીતિ

**અદ્યાવધિત જાન્યુઆરી1, 2025**

**હેતુ:**Hartford HealthCare (HHC) દરદીઓ માટે, તેમની ચૂકવણી કરવાની ક્ષમતાની પરવા કર્યા વગર,સૌથીસુરક્ષિત, કરૂણાસભર અને સમાયોજિત સારસંભાળ પ્રદાન કરવા પરપ્રતિબદ્ધછે.આ નીતિ અવશ્યકતા ધરાવતા દરદીઓ માટે મફત કે રાહત દરની સ્વાસ્થ્ય સંભાળ સંબંધી સેવાઓના માપદંડોનું વર્ણન કરે છે. આ નીતિ વર્ણવે છે કે:

- દરદીઓના બૅલેન્સ પ્રત્યે સહાયતા લાગૂ પાડવા તથા સંભવનીય યોગ્યતાના નિર્ણયો પ્રત્યે હૉસ્પિટલના અભિગમ સહિત, મફત અથવા રાહતદરે સારસંભાળ માટે યોગ્યતાના માપદંડો.
- આર્થિક સહાયતા માટે અરજી કરવા માટેની પદ્ધતિ
- દરદીઓને ચાર્જ કરવામાં આવતી રકમની ગણતરી કરવા માટેનો આધાર
- Hartford HealthCareના બિલોની ચૂકવણી ના થવા પર શરૂ કરવામાં આવી શકે તેવી ઉઘરાણીનીકાર્યપદ્ધતિઓ.
- કેવી રીતેHartford HealthCareદરદીઓને આર્થિક સહાયતા વિષે સૂચિત કરે છે
- આવરી લેવાતા અને આવરી ના લેવાતા પ્રદાતાઓ
- ફ્રી બેડ ફંડ્ઝ સાથેનો સંબંધ.

આ નીતિ Internal Revenue Code(આંતરિક મહેસૂલ ધારા)ની કલમ 501 (r)અને કનેક્ટિકટના સામાન્ય કાનૂનના પ્રકરણ 368zતથા તેની હેઠળ જોડવામાં આવેલા અન્ય કોઈ પણ નિયમનોનું પાલન કરે તેવો આશય છે અને આ કાયદાઓ અને નિયમનો અનુસાર તેનું અર્થઘટન કરવું જોઈએ અને તેને લાગુ કરવામાં આવવી જોઈએ. Hartford HealthCare ના સંચાલક મંડળ દ્વારા પોતાની સંલગ્ન સંસ્થાઓ તરફથી આ નીતિ અને તેના સુધારાઓ અપનાવવામાં આવશે.

**વ્યાપ:**આ નીતિ Hartford HealthCare હેઠળ અસ્તિત્વ ધરાવનાર વસ્તુદ્વારા પ્રદાન કરાતી આપાતકાલીન અને પરિશિષ્ટ Dમાં અપાયેલ અન્ય ચિકિત્સાનુસાર આવશ્યક એવી સારસંભાળ સહિત, (આ નીતિના વ્યાખ્યાઓ વિભાગમાં સ્પષ્ટ કરાયા પ્રમાણે) Hartford HealthCareસેવાઓપર લાગૂ પડે છે.

અપવાદ: આ નીતિ નિમ્નલિખિત સેવાઓને લાગુ પડતી નથી:

1. સેવાઓ કે જે સ્વસ્થ્ય સંબંધે જરૂરી ન હોય, જેવી કે સૌંદર્યલક્ષી શત્રક્રિયા અથવા અન્ય સ્વૈચ્છિક સેવાઓ, અથવા
2. આ પોલિસીના પરિશિષ્ટ C માં કવર કરી લેવામાં ન આવેલ તરીકે ઓળખાયેલ પ્રદાતા દ્વારા આપવામાં આવતી સેવાઓ.

**વ્યાખ્યાઓ:**

*"યોગ્યતાના માપદંડો"*અર્થાત સ્વાસ્થ્યની સારસંભાળ સેવાઓ માટે કોઈ દરદીની આર્થિક સહાયતા માટેની યોગ્યતા નિર્ધારિત કરવા માટે, આ નીતિમાં નક્કી કરાયેલ માપદંડો.

*"EMTALA"*નો અર્થ છે ઇમર્જન્સિ મેડિકલ ટ્રીટમેન્ટ ઍન્ડ લેબર ઍક્ટ (Emergency Medical Treatment and Labor Act), 42 USC 1395dd

*"વસૂલીની અસાધારણ પ્રવૃત્તિ"(ECA - Extraordinary CollectionAction)* નો અર્થ છે વસૂલીની એવી કાર્યવાહી જે માટે કાનૂની થવા ન્યાયિક પ્રક્રિયાની જરૂર પડે, જેમાં 1) અન્ય પક્ષકારને ઋણ વેચવાનો; 2) સંપત્તિ ટાંચમાં લેવી; 3) મોર્ટગેજમાં આપેલી સ્થાવર મિલકતનો હક મેળવવો; 4) બેન્ક ખાતાં અથવા અન્ય અંગત મિલકતને ટાંચમાં લેવી અથવા જપ્ત કરવી; 5) વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવી; 6) જેનાથી વ્યક્તિની ધરપકડ થાય તેવા પગલાં લેવાં; 7) એવા પગલાં લેવાં જેને કારણે વ્યક્તિને અદાલત સમક્ષ હાજર થવું પડે; અને 8) અદાલતી આદેશના પરિણામે કર્મચારીના નાણાકીય વળતરમાંથી નાણાંની કપાતનો સમાવેશ થાય છે.

*"કુટુંબ"*અર્થાત U.S.સેન્સસ બ્યુરોની વ્યાખ્યા અનુસાર, બે અથવા વધુ લોકોનો સમૂહ કે જેઓ સાથે રહેતા હોય અથવા જેઓ જન્મ, લગ્ન, સિવિલ યુનિયન કે દત્તક લેવાથી સંબંધ ધરાવતા હોય.આ નીતિના હેતુઓ માટે જો દરદી કોઈ વ્યક્તિ પોતાના આવકવેરા રિટર્નમાં આશ્રિત તરીકે હોવાનો દાવો કરે તો તે વ્યક્તિને આર્થિક સહાયતાની જોગવાઈના હેતુઓ માટે આશ્રિત માનવામાં આવી શકે છે.

*"કૌટુંબિક આવક"*નો અર્થ છે સંઘીય ગરીબી સ્તરની ગણતરી કરતી વખતે નીચે મુજબની આવક, પ્રવાહી સંપત્તિઓની માર્ગદર્શિકાઓ: આવક, બેરોજગારી વળતર, કામદારોનું વળતર, સોશલ સિક્યૂરિટિ, પૂરક સલામત આવક, સરકારી મદદ, વેટર્નસ પેમેન્ટ, સર્વાઈવર લાભો, પેન્શન અથવા નિવૃત્તિની આવક, વ્યાજ, ડિવિડન્ડ, ભાડાં, વ્યાપારી આવક, રોયલ્ટી, એસ્ટેટ, ટ્રસ્ટની આવક, શૈક્ષણિક સહાયતા, નિર્વાહ ભથ્થું, બાળ સહાયતા, ઘરની બહારથી મદદ અને આવકના અન્ય પરચૂરણ સ્રોતો.

*"સંઘીય ગરીબી સ્તરની માર્ગદર્શિકાઓ"(Federal Poverty Level Guidelines)*નો અર્થ છે આ નીતિ હેઠળ આર્થિક સહાયતા પ્રદાન કરવા માટે સ્વાસ્થ્યસંભાળ સેવા(health care service)ની જોગવાઈની તારીખે અમલી હોય તેવી યુનાઈટેડસ્ટેટ્સડિપાર્ટમેન્ટનાહેલ્થએન્ડહ્યુમનસર્વિસીઝ દ્વારા સ્થાપિત સંઘીય ગરીબી સ્તરની માર્ગદર્શિકાઓ.

*"આર્થિક સહાયતા"*અર્થાત યોગ્યતાના માપદંડો અનુસાર પર પૂરા ઉતરતા અને સ્વાસ્થ્યસંભાળ સેવાઓનાં સંપૂર્ણ અથવા અમુક હિસ્સાની ચૂકવણી કરવા માટે સક્ષમ ન હોય એવા દરદીઓ માટે મફત કે રાહત દરે સ્વાસ્થ્યસંભાળ સેવાઓ. આર્થિક સહાયતા મફત અથવા રાહત દરે અપાતી સેવાઓ સ્વરૂપ હોઈ શકે છે. તેનાથી વિપરિત આ નાણાકીય સહાય નીતિમાં કંઈપણ હોવા છતાં, તમામ ડિસ્કાઉન્ટ, કપાત અને ગ્રોસ પેશન્ટ ચાર્જિસ અથવા સંસ્થાના સંપૂર્ણ પ્રસ્થાપિત દરોમાંથી ઘટાડાને તે દર્દીઓ માટે નાણાકીય સહાય ગણવામાં આવશે જેઓ નાણાકીય સહાય માટે પાત્ર છે.

*"ફ્રી બેડ ફંડ્ઝ"(Free Bed Funds)*સેવા માટે પૂરતા પૈસા ના ધરાવતા એવા દરદીઓ માટે સારસંભાળ પ્રદાન કરવાના હેતુસર Hartford HealthCareને ઉદારતા પૂર્વક અર્પિત ધનનો ઉલ્લેખ કરે છે.

*"સ્વાસ્થ્યસંભાળ સેવાઓ"*નો અર્થ છે (i) EMTALA દ્વારા વ્યાખ્યાયિત કટોકટીની તબીબી સેવાઓ; (ii) એવા રોગો માટે પૂરી પાડવામાં આવતી સેવાઓ કે જે રોગોની તાત્કાલિકપણે સારવાર કરવામાં ન આવે તો તેના પરિણામે વ્યક્તિના સ્વાસ્થ્યમાં પ્રતિકૂળ ફેરફાર થશે; (iii)નૉન-ઇમર્જન્સિ ડિપાર્ટમેન્ટના વાતાવરણમાં જીવલેણ સંજોગોના પ્રતિસાદ તરીકે પૂરી પાડવામાં આવતી પસંદગી-રહિત સેવાઓ; અને (iv)પ્રદાતાની મુનસફી પર જે તે કેસના આધાર પર HHCદ્વારા નક્કી કરવામાં આવ્યા પ્રમાણે તબીબી રીતે જરૂરી સેવાઓ.

*"પ્રવાહી સંપત્તિઓ"(Liquid Assets)*નો અર્થ છે મૂલ્યની હાનિ વિના, બહુ તાકીદની નોટિસ પર રોકડ રકમ માટે સંપત્તિનો વિનિમય કેટલી સરળતાથી થઈ શકે તે. રોકડ, સોનું અથવા જેનું વેચાણ થઈ શકે તેવી સિક્યૂરિટિઝ જેવી ચીજો તેનાં ઉદાહરણો છે. એથી વિરુદ્ધ, બિનપ્રવાહી સંપત્તિનાં ઉદાહરણો છે રિઅલ એસ્ટેટ (જમીન અને મકાન) અને વાહનો.

*"તબીબી રીતે ગરીબ"(Medically Indigent)*નો અર્થ છે એવી વ્યક્તિ જે વ્યક્તિની કૌટુંબિક આવક અથવા કૌટુંબિક સંપત્તિઓની અમુક ટકાવારીથી તબીબી બિલો વધી જતા હોવાને કારણે પોતાના તબીબી બિલોના અમુક હિસ્સા અથવા સંપૂર્ણ હિસ્સાની ચૂકવણી કરવા માટે સક્ષમ નથી તેવો નિર્ણય Hartford HealthCareદ્વારા લેવામાં આવે, પછી ભલે તેમની આવક અથવા સંપત્તિઓ એટલી હોય જે અન્યથા નીતિ હેઠળ મફત અથવા રાહતદરની સંભાળ માટેના સામાન્ય રીતે લાગુ પડતા યોગ્યતાના માપદંડોને ઓળંગી જતી હોય. જુઓ પરિશિષ્ટ A.

*"દરદી"*નો અર્થ છે એવી વ્યક્તિ કે જે તબીબી સારવાર મેળવી રહી હોય અથવા તે મેળવવા માટે રજિસ્ટર્ડ થઈ હોય અથવા નીતિના સંદર્ભમાં ચૂકવણી કરવા માટે જવાબદાર વ્યક્તિ.

*"વીમારહિત"*નો અર્થ છે એવા દરદી કે જેઓ સ્વાસ્થ્યસંભાળ સેવાઓ માટે પોતાની ચૂકવણીની જવાબદારીઓ પૂરી કરવામાં મદદ માટે કોઈ જ પ્રકારનો વીમો અથવા તૃતિય પક્ષનોટેકો ધરાવતા ન હોય અને કોઈ પણ દેશ, રાજ્ય, પ્રદેશ અથવા કોમનવેલ્થના Medicare, Medicaid, Tricare અથવા અન્ય કોઈ પણ સ્વાસ્થ્ય વીમા કાર્યક્રમ દ્વારા આવરી લેવામાં આવ્યા ન હોય અથવા કામદારના ભથ્થાં અને પુરસ્કારો, મોટર વાહન અકસ્માતો અથવા કથિત બેદરકારી સાથે સંબંધિત દાવાઓ, ખટલાઓ અથવા નિર્ણયોમાંથી પરિણમતા સમાધાનો અથવા ચુકાદાઓ સહિત પરંતુ તેના પૂરતા મર્યાદિત ન હોય તેવા અન્ય કોઈ પણ સરકારી અથવા ખાનગી પ્રાયોજકતાના સ્વાસ્થ્ય અથવા અકસ્માતના વીમા અથવા લાભના કાર્યક્રમો દ્વારા આવરી લેવામાં આવ્યા ન હોય.

*"અપૂરતા વીમા આરક્ષિત"*નો અર્થ છે એવા દરદી જે અમુક સ્તર સુધીનો વીમો અથવા ત્રાહિત પક્ષની સહાયતા ધરાવતા હોય, પરંતુ હજીયે એવાં ખિસ્સાં બહારના સ્વાસ્થ્યસંભાળ સેવાના ખર્ચાઓ હોય જેમ કે કપાતપાત્ર યોજનાઓ કે જે દરદીના આર્થિક સંસાધનોના સ્તરને ઓળંગી જાય.

**નીતિ:**Hartford HealthCareદરદીઓ માટે, તેમની ચૂકવણી કરવાની ક્ષમતાની પરવા કર્યા વગર,સૌથીસુરક્ષિત, કરૂણાસભર અને સમાયોજિત સારસંભાળ પ્રદાન કરવા પરપ્રતિબદ્ધછે. આ રીતે, Hartford HealthCareઆપાતકાલીન ઉપચારના બધા નિયમોનું પાલન કરે છે અને એવા કોઈ પણ કાર્યની મનાઈ કરે છે, જે લોકોને આપાતકાલીન ચિકિત્સા પ્રાપ્ત કરવાથી રોકી રાખે, દાખલા તરીકે આપાતકાલીન વિભાગના દરદીઓથી આપાતકાલીન ચિકિત્સા પરિસ્થિતિઓ માટે ઉપચાર મેળવતા પહેલા ચૂકવણીની માગણી કરવી. આ નીતિમાં એવી કોઈ બાબત નથી જેનાથી EMTALA હેઠળ કટોકટીકારક રોગોથી પીડાતાં દરદીઓની સારવાર કરવા માટેની હૉસ્પિટલની જવાબદારીઓ મર્યાદિત થતી હોવાનું અર્થઘટન કરી શકાય.

## I. યોગ્યતા નક્કી કરવી.

આર્થિક સહાયતા માટે યોગ્યતા નક્કી કરવા માટે Hartford HealthCareઅને દરદી બંને સાથે મળીને કામ કરે તે અગત્યનું છે.

1. **આર્થિક સહાયતા માટેની યોગ્યતા.**પોતાના મિશનને સાતત્યતાપૂર્વક જાળવી રાખીને Hartford HealthCareની એ નીતિરહી છે કે તે એવા તમામ લાયક વ્યક્તિઓને આર્થિક સહાયતા પૂરી પાડે જેઓ વીમારહિત કે અપૂરતો વીમો ધરાવતા, સરકારી આરોગ્ય સંભાળ માટે લાભદાયકચૂકવણીના કાર્યક્રમ માટે અયોગ્ય, અને સ્વાસ્થ્યસંભાળ સેવાઓ માટે ચૂકવણી કરવા માટે અસમર્થ દરદીઓ આર્થિક સહાયતા માટે યોગ્ય હોઈ શકે છે.આર્થિક સહાયતા માટે અયોગ્ય ઠરાયેલ એવા, પરંતુ **જેઓ**

તેમાં તબીબી રીતે ગરીબ છે તેમની ચિકિત્સા માટેના બિલ તેમના કુટુંબની કુલ આવક અથવા મિલકતથી કેટલાક ટકા વધી જતા હોય, તેવા દરદીઓ મટે પણ આર્થિક સહાયતા માટે વિચારણા થઈ શકે છે.

આર્થિક સહાયતાની વિષે કેસ-દર-કેસ પ્રમાણે અને માત્ર આર્થિક આવશ્યક્તાઓના આધાર પર નિર્ણય લેવામાં આવે છે. આવા નિર્ણયોમાં વય, લિંગ, જાતિ, રંગ, રાષ્ટ્રીય મૂલ, વૈવાહિક સ્થિતિ, સામાજિક અથવા પરદેશીવસાહતીસ્થિતિ, જાતિય અભિમુખતા અથવા ધાર્મિક સંલગ્નતાને ધ્યાનમાં નહિ લેવામાં આવતા નથી. આર્થિક સહાયતાની અરજી એવાં દસ્તાવેજોની રૂપરેખા આપે છે જે કુટુંબના કદ, આવક અને અન્ય પ્રવાહી અસ્કયામતો કે જે દર્દીને ઉપલબ્ધ હોઈ શકે છે, તેમજ દર્દીના રોજિંદા જીવન માટે જરૂરી અસ્કયામતો તેમજ દર્દીની અને દર્દીના ઘરની અન્ય જવાબદારીઓ અને ખર્ચાઓની ખરાઈ કરવા માટે જરૂરી છે.

વધુમાં, આર્થિક સહાયતા માટે લાયક હોવા માટે, વ્યક્તિ Hartford HealthCareને સહકાર આપે, વિનંતી કરાયેલ માહિતી અને દસ્તાવેજો સમયસર આપે, જરૂરી અરજીપત્રક સાચી વિગતો સાથે ભરે, અને પોતાની આર્થિક સ્થિતિમાં કોઈ પણ ફેરફાર થાય તો તે અંગે Hartford HealthCareને તરત જાણ કરે તે જરૂરી છે, જેથી Hartford HealthCareઆર્થિક સહાયતા માટે વ્યક્તિની યોગ્યતા પર આ ફેરફારની અસરનું આકલન કરી શકે.

2. **આર્થિક સહાયતા માટે યોગ્યતા કેવી રીતે નક્કી કરાય છે?**દરદીઓએ આર્થિક સહાયતા માટે અરજી ભરે અને આર્થિક યોગ્યતાનો નિર્ણય લેવા માટે અનુરૂપ અન્ય આર્થિક માહિતી અને દસ્તાવેજો પૂરા. અરજીઓની તપાસણી કરવામાં નિર Hartford HealthCare:

   - દરદી અથવા સંભવિત જામીનનાં આર્થિક સંસાધનોની ખરાઈ કરવા માટે સાર્વજનિક રીતે ઉપલબ્ધ માહિતીની તપાસણી કરી શકે છે;
   - સાર્વજનિક અને ખાનગી ચૂકવણીના લાભદાયક કાર્યક્રમોમાંથી ચૂકવણીના વૈકલ્પિક સ્રોતો વિશે શોધ કરી શકે છે; અને
   - અગાઉનીચૂકવણીનાદરદીનાઇતિહાસનીસમીક્ષાકરીશકેછે.

3. **વિનંતીઓ પર કાર્યવાહી.**આર્થિક સહાયતા માટેની વિનંતીઓ પર સમયસર કાર્યવાહી કરવા માટે Hartford HealthCare યથાશક્તિ કાર્ય કરશે.આ યોગ્યતા નિર્ધારિત કરવાના કાર્ય દરમિયાન,Hartford HealthCareદરદી અથવા તેમના કાયદાકિય પ્રતિનિધિ સાથે વિવેક અને સન્માન સાથે વર્તન કરશે.

4. **આર્થિક સહાયતાની માર્ગદર્શિકાઓ.** આર્થિક સહાયતા માટેની યોગ્યતાના માપદંડોમાં નિમ્નલિખિત મુદ્દાઓનો સમાવેશ હોઈ શકે છે:

   - ઘરમાં રહેતી આશ્રિત વ્યક્તિઓની સંખ્યાના આધારે કુટુંબનું પ્રમાણ;
   - પ્રવાહી અને બિન-પ્રવાહી સંપત્તિઓ (દા.ત. રોકડ રકમ, બેંક ખાતાઓ, હોમ ઇક્વિટી લોન બેલેન્સ);
   - રોજગારની સ્થિતિ;
   - આર્થિક જવાબદારીઓ;

- સ્વાસ્થ્યસંભાળ ખર્ચની રકમ અને આવૃત્તિ; અને

- દરદી પાસે ઉપલબ્ધ, અન્ય આર્થિક સંસાધનો.

આગાહી સૂચક વિશ્લેષણાત્મક સોફ્ટવેરના ઉપયોગ દ્વારા આર્થિક સહાયતા નક્કી કરવા માટે નિર્માણ પામતી માહિતીને આધાર આપવા માટે એકત્રિત કરાયેલી માહિતીનો ઉપયોગ કરાશે.એનાયત કરાતા રાહત દરોની ટકાવારી આ નીતિના પરિશિષ્ટ Aમાં આપેલ છે, જેને દરવરસેઅપડેટ કરવામાં આવે છે. ખાસકરીને, આર્થિક સહાયતા માટેની યોગ્યતા નિમ્નલિખિત માર્ગદર્શન પ્રમાણે નક્કી કરવામાં આવશે:

*(a) વીમારહિત દરદીઓ:*

આ નીતિ હેઠળ નાણાકીય સહાય એ સુનિશ્ચિત કરે છે કે વીમો ન હોય તેવા દર્દીઓ જેઓ નાણાકીય સહાયને પાત્ર છે તેઓ પાસેથી આ નીતિમાં અને આર્થિક સહાયતા નીતિ (FAP) પરિશિષ્ટ A માં વર્ણવેલ "પાછળ જુઓ" પદ્ધતિનો ઉપયોગ કરીને સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમ કરતાં વધુ વસૂલવામાં આવશે નહીં. જો મીટિંગમાં વધુ સહાયની જરૂર હોય તો બાકીની નાણાકીય જવાબદારી, દર્દી વિભાગ II માં કેવી રીતે અરજી કરવીમાં આ નીતિમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ સ્થાપિત માર્ગદર્શિકાઓનું પાલન કરશે.

જો દર્દીની અસ્કયામતો (દા.ત., રોકડ, બેંક એકાઉન્ટ્સ, હોમ ઇક્વિટી લોન બેલેન્સ), દર્દી દ્વારા પૂરા પાડવામાં આવેલ દસ્તાવેજો દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે, તો દર્દીને તેમના તબીબી બીલ (જરૂરી સંપત્તિને ધ્યાનમાં લીધા પછી દર્દીના રોજિંદા જીવન માટે, તેમજ દર્દીની અને દર્દીના ઘરની અન્ય જવાબદારીઓ અને ખર્ચાઓ) ચૂકવવાની અર્થપૂર્ણ ક્ષમતા પ્રદાન કરવા માટે અપૂરતી છે, ફકરા (i) અને (ii) માં કૌટુંબિક આવક થ્રેશોલ્ડ તરત જ નીચે લાગુ કરવામાં આવશે.

(i) જો કૌટુંબિક આવકની, સંઘીય ગરીબી સ્તરની માર્ગદર્શિકાઓના 250% પર અથવા તેના સ્તરથી નીચે પર હોવાની ખરાઈ કરવામાં આવી હોય તો, દરદી પોતાના ખાતાના બૅલેન્સ સામે 100% વળતર મેળવવા લાયક બનશે.

(ii) જો કૌટુંબિક આવકની, સંઘીય ગરીબી સ્તરની માર્ગદર્શિકાઓના 250%અને 550% પર હોવાની ખરાઈ કરવામાં આવી હોય તો, દરદી પોતાના ખાતાના બૅલેન્સ સામે15-75%વળતર મેળવવા લાયક બનશે.

(iii) હોસ્પીટલના માપદંડો પ્રમાણે કોઈ દરદી ફ્રી બેડ ફન્ડ્સ પણ મેળવવા લાયક બની શકે છે. આર્થિક સેવાઓ માટેના કસ્ટમર સહાયક વિભાગને860-696-6010 પર કૉલ કરીને હોસ્પીટલના ફ્રી બેડ ફન્ડ વિષે માહિતી મેળવી શકાય છે.

(iv) જ્યારે કોઈ એવી આર્થિક સહાયતા એનાયત કરવામાં આવે, જે સેવા માટેની100% કિંમતને આવરી ના લેતી હોય, તો આ નીતિ હેઠળ આર્થિક સહાયતા યોગ્ય દરદીઓ પાસેથી, આવકવેરાનાનિયમો પ્રમાણે વ્યાખ્યા કરાયેલ"પાછળજુઓ" પદ્ધતિના ઉપયોગ દ્વારા,આવી સારસંભાળ માટે વીમો ધરાવતા લોકો પાસેથી સામાન્ય રૂપે વસૂલ કરાતી રકમ કરતા વધારે રકમ વસૂલ કરાશે નહીં.

(v) ચૂકવણી માટેની યોજનાઓ ઉપલબ્ધ છે.

(vi) દરદીની વ્યક્તિગત જવાબદારીને ઓળંગી જાય તેવી $0.01અથવા વધુની કોઈ પણ ચૂકવણીઓ માટે રકમ પરત આપવા રિફંડ જારી કરવામાં આવશે.

*(b)* ***અપૂરતા વીમા આરક્ષિત દરદીઓ:***

વીમા લાભો લાગુ કર્યા પછી વીમાધારક દર્દીના બેલેન્સ સંબંધિત સહ-વીમો, કપાતપાત્ર, સહ-ચુકવણીઓ અને કવર-વિના ચાર્જની રકમ નાણાકીય સહાય માટે ધ્યાનમાં લેવામાં આવી શકે છે (દા.ત. ઉચ્ચ કપાતપાત્ર આરોગ્ય યોજનાઓ). આ ઉપરાંત, HHC સાથે કરાર સંબંધી જોડાણ ધરાવતાં ન હોય તેવી કંપનીના કવરેજ ધરાવતા દર્દીઓ પણ વીમા લાભો લાગુ થયા પછી વીમા હેઠળ અને નાણાકીય સહાય માટે પાત્ર ગણી શકાય.

જો દર્દીની અસ્કયામતો (દા.ત., રોકડ, બેંક એકાઉન્ટ્સ, હોમ ઇક્વિટી લોન બેલેન્સ), દર્દી દ્વારા પૂરા પાડવામાં આવેલ દસ્તાવેજો દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે, તો દર્દીને તેમના તબીબી બીલ (જરૂરી સંપત્તિને ધ્યાનમાં લીધા પછી દર્દીના રોજિંદા જીવન માટે, તેમજ દર્દીની અને દર્દીના ઘરની અન્ય જવાબદારીઓ અને ખર્ચાઓ) ચૂકવવાની અર્થપૂર્ણ ક્ષમતા પ્રદાન કરવા માટે અપૂરતી છે, ફકરા (i) અને (ii) માં કૌટુંબિક આવક થ્રેશોલ્ડ તરત જ નીચે લાગુ કરવામાં આવશે.

(i) જો સંઘીય ગરીબી સ્તરની માર્ગદર્શિકાની250% પર અથવા તેનાથી નીચેના સ્તર પર હોવાની કૌટુંબિક આવકની ખરાઈ કરવામાં આવી હોય, તો વીમા અથવા તૃતીય પક્ષોના ચૂકવણીકર્તા તરફથી ચૂકવણીઓ લાગુ કરવામાં આવ્યા બાદ, દરદી પોતાના ખાતાના બૅલેન્સ સામે 100%વળતર માટે લાયક બનશે.

(ii) જો સંઘીય ગરીબી સ્તરની માર્ગદર્શિકાની250%અને 550%વચ્ચેના સ્તર પર હોવાની કૌટુંબિક આવકની ખરાઈ કરવામાં આવી હોય, તો વીમા અથવા તૃતીય પક્ષોના ચૂકવણીકર્તા તરફથી ચૂકવણીઓ લાગુ કરવામાં આવ્યા બાદ, દરદી પોતાના ખાતાના બૅલેન્સ સામે 15-75%વળતર માટે લાયક બનશે.

જ્યારે કોઈ એવી આર્થિક સહાયતા એનાયત કરવામાં આવે, જે સેવા માટેની100%કિંમતને આવરી ના લેતી હોય, તો આ નીતિ હેઠળ આર્થિક સહાયતા યોગ્ય દરદીઓ પાસેથી, આવકવેરાનાનિયમો પ્રમાણે વ્યાખ્યા કરાયેલ"પાછળજુઓ" પદ્ધતિના ઉપયોગ દ્વારા સામાન્ય રૂપે વસૂલ કરાતી રકમ કરતા વધારે રકમ વસૂલ કરાશે નહીં.

(iii) હોસ્પીટલના માપદંડો પ્રમાણે કોઈ દરદી ફ્રી બેડ ફન્ડ્સ પણ મેળવવા લાયક બની શકે છે. આર્થિક સેવાઓ માટેના કસ્ટમર સહાયક વિભાગને860-696-6010 પર કૉલ કરીને હોસ્પીટલના ફ્રી બેડ ફન્ડ કાર્યક્રમ વિષે માહિતી મેળવી શકાય છે.

(iv) ચૂકવણી માટેની યોજનાઓ ઉપલબ્ધ છે.

(v) દરદીની વ્યક્તિગત જવાબદારીને ઓળંગી જાય તેવી $0.01અથવા વધુની કોઈ પણ ચૂકવણીઓ માટેરકમ પરત આપવા રિફંડ જારી કરવામાં આવશે.

*(c)* ***તબીબી રીતે ગરીબ:***

આ નીતિ હેઠળ નાણાકીય સહાયની માંગ કરતાં તબીબી રીતે ગરીબ દરદીએ આર્થિક સહાયતા માટેની અરજી સાથે તબીબી બિલો, દવા અને તબીબી ઉપકરણના બિલો અને ચિકિત્સા માટેના Hartford HealthCare સિવાયના મોંઘા બિલોને લાગતા અન્ય પુરાવાઓ જેવાં અન્ય સહાયક દસ્તાવેજો રજૂ કરવા પડશે. વીમારહિત અથવા અલ્પવીમા દ્વારા આરક્ષિતઅન્ય વળતરો પર વિચાર કરીને લાગુ કરવામાં આવ્યા બાદ પણ જો દરદી ચૂકવણી કરવા અસમર્થ હોય, ત્યારે આ વળતર પર વિચાર કરવામાં આવશે.

નીચેના સંજોગોમાં, જેઓ Medicaid અથવા અન્ય નિર્ધન સંભાળ કાર્યક્રમોના લાભાર્થીઓ છે તેમની આર્થિક સહાયતા મંજૂર કરવામાં આવી શકે છે:

(i) જે દર્દીઓ Medicaid અથવા અન્ય નિર્ધન સંભાળ કાર્યક્રમોના લાભાર્થી છે તેમને પૂરી પાડવામાં આવતી બિન-આવરીત સેવાઓ માટેનું શુલ્ક.

(ii) જે દર્દીઓ Medicaid અથવા અન્ય નિર્ધન સંભાળ કાર્યક્રમોના લાભાર્થીઓ છે જેમણે રોકાણની મર્યાદાને વટાવી દીધી છે તેમના માટે શુલ્ક.

(iii) જે દર્દીઓ Medicaid સાથે અથવા અન્ય ગૌણ વીમા (Medicare Advantage અને કોમર્શિયલ સેકન્ડરી સહિત) સાથે Medicare ના લાભાર્થી છે અને જેમના લાભો એવા રીતે સમાપ્ત થઈ ગયા છે કે બાકીના બેલેન્સ પરના શુલ્ક માટે દર્દી પોતે જવાબદાર હશે તેમના માટેના શુલ્ક.

Hartford HealthCare ને પાત્રતાની પુષ્ટિ કરવા માટે નાણાકીય સહાય અરજી સબમિટ કરવા માટે મેડિકેડ અથવા અન્ય ગરીબ સંભાળ પ્રોગ્રામના લાભાર્થી દર્દીની જરૂર પડી શકે છે.

*(d) સંભાવનાસૂચક યોગ્યતા:*

નિમ્નલિખિત માપદંડોમાંથી કોઈ પણ, અથવા તેમના જેવા Hartford HealthCare દ્વારા નિર્ધારિત માપદંડો પર પૂરા ઉતર્યા પછી આર્થિક સહાયતા માટેની અરજી ભર્યા વગર જ (પૂરાવા હોવાની સ્થિતિમાં) દરદીઓને 100% સારસંભાળ યોગ્ય ગણવામાં આવશે:

(i) દરદી રાજ્યદ્વારાજેનુંભંડોળઆપવામાંઆવતુંહોયતેવાંપ્રિસ્ક્રિપ્શનનાકાર્યક્રમોમાં જોડાયેલ હોય

(ii) રાજ્ય-સંચાલિત આરોગ્ય અથવા માનવ સેવા કાર્યક્રમ (દા.ત., Medicaid, Husky, વગેરે) માટે પાત્ર છે અથવા નોંધાયેલ છે.

(iii) સ્ત્રીઓ, શિશુઓઅનેબાળકોનાકાર્યક્રમોમાંસહભાગી હોય

(iv) ફૂડસ્ટેમ્પમાટેયોગ્ય હોય(SNAP)

(v) સબસિડીહેઠળશાળામાંભોજનકાર્યક્રમમાટેયોગ્ય હોય

(vi) સબસિડીપરઘરઅથવાઅન્યસાર્વજનિકસહાયતામાટેયોગ્ય હોય

(vii) દરદીનું બેઘર હોવું સાબિત કરાયેલ હોય

(viii) ઈલેક્ટ્રોનિક ઉદ્યોગ ધોરણના સોફ્ટવેર પ્રમાણે ખરાઈ કરવામાં આવી હોય તે મુજબ, સંઘીય ગરીબી સ્તરના 250% જેટલી અથવા તેથી ઓછા સ્તરની દરદીની આવક સત્યાપિત થાય

(ix) મૃત્યુ પામેલ છે અને તેની પાસે કોઈ સંપત્તિ નથી, અથવા એવી સંપત્તિ જેમાં કોઈ વિશ્વાસુની નિમણૂક કરવામાં આવી નથી

## II. અરજી કરવાની પદ્ધતિ:

1. **આર્થિક સહાયતા માટે અરજી પત્ર મેળવો. તે અહીં મળશે:**

- www.HartfordHealthCare.orgઅનેHartford HealthCareહોસ્પીટલની દરેક વેબસાઈટ પર **ઑનલાઈન.**

- Hartford HealthCareહૉસ્પિટલોનાં દરદી પ્રવેશ અથવા નોંધણી ક્ષેત્રોમાંથી કોઈ પણ ક્ષેત્રમાં **રૂબરૂ** જઈ વિનંતી કરીને (પરિશિષ્ટ B જુઓ). હોસ્પીટલના આપાતકાલીન વિભાગો અને દરદી નોંધણી ક્ષેત્રોમાં આર્થિક સહાયતા વિષે ચિહ્નો અને લિખિત માહિતી ઉપલબ્ધ થશે.

- દરદી આર્થિક સહાયતા માટેના કસ્ટમર સહાયક વિભાગ સાથે 860.696.6010પર કૉલ કરીને મફત નકલનો અનુરોધ કરી, ટપાલ દ્વારા ઉપલબ્ધ થશે.

આવશ્યક દસ્તાવેજોની સૂચિ અરજી પત્ર સાથે આપવામાં આવશે.

Hartford HealthCareએ સેવા આપ્યા પછીના સ્વયં ચૂકવણી કરવા માટેના પ્રથમ વક્તવ્યના જાહેર કર્યાની તારીખ પછી દરદીઓ કોઈ પણ સમયે અથવાતેના240 દિવસોની અંદર અથવા HHC ના સંગ્રહ ચક્રના કોઈપણ તબક્કે, આર્થિક સહાયતા માટે અરજી કરી શકે છે. તે અરજીઓ સાથે યોગ્યતા નિર્ધારિત કરવા માથે આવશ્યક બધા દસ્તાવેજો રજૂ કરવા જરૂરી છે.

મંજૂર કરાયેલ આર્થિક સહાયતા માટેની અરજીઓ, Hartford HealthCareએ યોગ્યતા નિર્ધારિત કર્યાની તારીખથી છ મહીના સુધી માન્ય ગણાશે.

2. **અધૂરા અરજીપત્રકો**:જો Hartford HealthCareને કોઈ અધૂરું અરજીપત્રક પ્રાપ્ત થશે, તો તે દરદીને (અથવા તેમના કાયદાકિય પ્રતિનિધિને) ખૂટતી માહિતી કે દસ્તાવેજોની સૂચિ પ્રદાન કરશે અને તે દરદીને ખૂટતી માહિતી રજૂ કરવા હેતૂ 30 દિવસોની મહોલત આપશે. વસૂલીકરણની પ્રવૃત્તિઓ, જો લાગુ પડતી હોય તો, આ 30 દિવસોની મહોલત દરમિયાન, વસૂલીકરણની અસાધારણ પ્રવૃત્તિઓ (ECAs) સહિત સ્થગિત કરી દેવામાં આવશે. જો આ સમયગાળા દરમિયાન દરદી ખૂટતી માહિતી રજૂ નહીં કરે, તો Hartford HealthCareલિખિત નૉટિસ આપીને વસૂલીકરણની અસાધારણ પ્રવૃત્તિઓ ECAs સહિત, વસૂલીકરણ કાર્ય શરૂ કરી શકે છે.

3. **સંપૂર્ણ અરજીપત્રકો**:જો Hartford HealthCareને કોઈ સંપૂર્ણ અરજીપત્રક પ્રાપ્ત થશે, તો તે સમયસર યોગ્યતા નિર્ધારિત કરીને દસ્તાવેજ રૂપે જાળવી રાખશે. જો કોઈ અરજીપત્રક સંપૂર્ણ રીતે ભરેલ સમજવામાં આવશે, તો Hartford HealthCareતે દરદીને અથવા તેમના કાયદાકિય પ્રતિનિધિને, પંદર (15) કાર્યકારી દિવસોની અંદર અર્થિક યોગ્યતાના નિર્ધારણની લિખિત નકલ આપશે. દરદીએ આર્થિક સહાયતા માટે લાયક સાબિત ના થતા હોવાનાHartford HealthCareનાનિર્ણયો સામે દરદી અથવા તેમના કાયદાકિય પ્રતિનિધિ, તે લેખિત નિર્ણયની તારીખના ચૌદ (14)કેલેન્ડર દિવસોની અંદર અપીલ કરી શકે છે. જો દરદી અથવા તેમના કાયદાકિય પ્રતિનિધિ તે નિર્ધારણ સામે અપીલ કરશે, તો સ્વયં ચૂકવણી માટેના પ્રબંધક(અથવા નિર્દિષ્ટ વ્યક્તિ),કોઈ પણ નવી માહિતી સાથે આ નિર્ધારણની સમીક્ષા કરશે અને પંદર (15)કાર્યકારીદિવસોની અંદર આખરી નિર્ણય લેશે.આ સમીક્ષા અને નિર્ણય લેવાના સમયગાળા દરમિયાન, Hartford HealthCare જો લાગુ પડતું હોય તો, કોઈ પણ વસૂલીકરણની અસાધારણ પ્રવૃત્તિઓ સહિતની વસૂલીકરણની પ્રવૃત્તિઓને (નીચે જણાવ્યા પ્રમાણે) સ્થગિત રાખશે. જો આર્થિક સહાયતા મંજૂર નહીં થાય, તો અપીલ માટે નિયુક્ત 14કેલેન્ડર દિવસો પછી, Hartford HealthCareતેની વસૂલીકરણ માટેના કાર્યને (લાગુ પડતું હોય તો ECA સહિત) ફરી શરૂ કરી દેશે.

## III.દરદીઓ પાસેથી લેવામાં આવતી રકમની ગણતરી

આપાતકાલીન અથવા અન્ય ચિકિત્સારૂપે આવશ્યક સારસંભાળ માટે, સામાન્ય રૂપે વીમા આરક્ષિત લોકો પાસેથી વસૂલ કરાતી રકમ કરતા વધારે રકમ આર્થિક સહાયતા માટે યોગ્ય દરદીઓ પાસેથી વસૂલ કરાશે નહીં. વીમારહિત દરદીઓ માટે, આ પ્રકારની સારસંભાળ માટેઆવકવેરાનાનિયમો પ્રમાણે વ્યાખ્યા કરાયેલ "પાછળજુઓ"પદ્ધતિના ઉપયોગ દ્વારા સરકારી (Medicareઅને Medicaid) તથા વ્યાવસાયિક રૂપે વીમા આરક્ષિત દરદીઓ પ્રતિ સ્વીકૃત રાશીની ગણના માટે વીમા અરક્ષિત લોકો પાસેથી વસૂલ કરાતી, આયકર નિર્દેશન દ્વારા વર્ણવિત દર અનુસાર પ્રકાશિત દરોને ઓછા કરી દેવામાં આવશે. વર્ષિક ગણના કાર્યપ્રણાલી અને ગણના માટેના પ્રતિશત દરો આ નીતિના પરિશિષ્ટ Aમાં ઉપલબ્ધ છે.

## IV. Hartford HealthCareનીવસૂલીની કાર્યપ્રણાલીઓ સાથેનો સંબંધ.

આર્થિક સહાયતા માટે અયોગ્ય ગણાતા દરદીઓ અથવા તે દરદીઓ જેમને આંશિક વળતર મળતું હોય પણ તેમના બિલની ચૂકવણી કરતા ના હોય, તેવા દરદીઓ પર નિમ્નલિખિત વસૂલીકરણની અસાધારણ પ્રવૃત્તિઓ ECAs ચાલૂ કરવામાં આવશે:

- વેતનમાંથી નાણાંની કપાત
- પ્રાથમિક કે દ્વિતીય રહેઠાણો,બૅન્ક અથવા રોકાણ ખાતાંઓ,અથવા અન્ય સંપત્તિઓ પર ગ્રહણાધિકાર દાખલ કરવો
- કાનૂની કાર્યવાહીઓ
- અન્ય પક્ષકારને ઋણ વેચવા
- ઉપર જણાવી ના હોય તેવી અન્યECAs (આ નીતિનો વ્યાખ્યાનો વિભાગ જુઓ)

જો કોઈ માણસને Hartford HealthCareની હોસ્પીટલથી સેવા મળ્યા પછી પ્રથમ બિલિંગ વક્તવ્ય રજૂ કર્યાના 120 દિવસોની અંદર અરજીપત્રક નહીં ભર્યું હોય, તો Hartford HealthCareઉપર ECAsમાં વર્ણન કરેલ વસૂલીકરણનાં કાર્યો શરૂ કરી શકે છે.

દર્દી બિલિંગનું અમાન્ય સરનામું ધરાવતા એકાઉન્ટ્સ પ્રથમ દર્દી બિલિંગ સ્ટેટમેન્ટના 120 દિવસ પહેલાં સંગ્રહ એજન્સીને મોકલવામાં આવી શકે છે, જો દર્દી નાણાકીય સહાયતાની નીતિ અનુસાર નાણાકીય સહાય માટે અરજી કરે તો HHC સંગ્રહ એજન્સીને દરેક સંગ્રહ માટેના પ્રયાસો બંધ કરવા સૂચના આપશે. જ્યારે બિલિંગ સ્ટેટમેન્ટ માન્ય સરનામા પર મોકલવામાં આવે છે તો, ECAsનું પ્રારંભ Hartford HealthCareની હોસ્પીટલથી સેવા મળ્યા પછીના પ્રથમ બિલિંગ વક્તવ્યની તારીખના પ્રથમ 120 દિવસો પછી થઈ શકે છે. જો દરદી સ્વયં ચૂકવણીની રાશીની સૂચનાના 240 દિવસોની અંદર સહાયતા માટે અરજી પ્રસ્તુત કરી દે, અને તેને સહાયતા પ્રદાન કરી દેવામાં આવે, તો Hartford HealthCare કોઈ પણ ભરાઈ ચૂકેલગ્રહણાધિકાર હટાવી દેવા માટે ઉપલબ્ધ બધા તર્કશીલ ઉપાયો કરશે.

Hartford HealthCareકોઈ પણ વસૂલીકરણ કાર્ય આરંભ કરતા પહેલા, તે દરદીને (અથવા તેમના પરિવારને) છેલ્લા નોંધેલા સરનામા પર એક લિખિત નૉટિસ મોકલશે જેમાં આરંભ કરાતા (અથવા ફરી શરૂ કરાતા) ખાસ વસૂલીકરણ કાર્યોનું વર્ણન હશે, જે તારીખ પછી તે કાર્યોનો આરંભ (અથવા ફરી શરૂઆત) કરાશે તે છેલ્લી તારીખનું વર્ણન હશે, અને સરળ ભાષામાં આ નીતિના સારાંશનો સમાવેશ થયેલ હશે. આ લિખિત સૂચના મોકલ્યાના 30 દિવસો પછી જ ECAs સહિત વસૂલીકરણ પ્રવૃતિઓ આરંભ કરાશે.

આર્થિક સહાયતા માટે અયોગ્ય ગણાતા દરદીઓ, અથવા આંશિક આર્થિક સહાયતા લાયક ગણાતા દરદીઓ અને સદ્ભાવના સાથે બાકી હિસાબ ચૂકતો કરવા માટે સહકાર આપતા દરદીઓને વિસ્તૃત ચૂકવણી યોજનાઓની એનાયત થઈ શકે છે. દરદીઓએ આ ચૂકવણી યોજનાની શરતો અનુસાર કાર્ય કરતા રહેવા સુધી, આગળ કોઈ પણ વસૂલીકરણ કાર્ય કરવામાં આવશે નહીં.

જ્યાં સુધી દર્દી નાણાકીય સહાયતા નીતિ હેઠળ સહાય માટે પાત્ર છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે HHC યોગ્ય પ્રયાસો ન કરે ત્યાં સુધી કોઈપણ ECA નું પાલન કરશે નહીં.

## V. Hartford HealthCareદરદીઓને આર્થિક સહાયતા માટેના વિકલ્પો વિષે જાણ કરવા માટે આ કરશે:

આપાતકાલીન સેવા વિભાગ, જણતર અને પ્રસૂતિ ક્ષેત્રોમાં, રજા આપતા સમયની લખાણપટ્ટી, અન્ય દરદી નોંધણી/દાખલાના વિસ્તારોમાં, તથા બિલિંગ અને વસૂલીકરણ માટેની બાતમી આપવામાં આર્થિક સહાયતા સંપર્ક માહિતી સહિત, આ નીતિનું વર્ણન કરતા સંકેત ચિહ્નો, પત્રીકાઓ અને/અથવા સરળ ભાષામાં તેનો સારાંશ પ્રદાન કરવાં.

કોઈએ અનુરોધ કરવા પર આ નીતિની, આર્થિક સહાયતા માટેના અરજીપત્રકની, અને આ નીતિના સરળ ભાષામાં સારાંશની, વિના મૂલ્યે, ટપાલ દ્વારા કાગળ પર નકલ બનાવી મોકલવી.

આ નીતિને, તેના સરળ ભાષામાં સારાંશને અને આર્થિક સહાયતા માટેના અરજીપત્રકને વેબસાઈટ પર એવા દસ્તાવેજોના સ્પષ્ટ લિંકેજ સાથે Hartford HealthCareના હોમ પેજ અને તેનાથી સંકળાયેલ દરેક સંસ્થાની વેબસાઈટ પર પોસ્ટ કરવા.

પ્રવેશ અને નોંધણીકર્મચારી, અર્થિક સલાહકારો, બિલિંગ અને વસૂલીકરણ વિશેષજ્ઞો અને સામાજિક કાર્યકર્તાઓને આ નીતિ વિષે શિક્ષા આપવી જેથી તેઓ દરદીઓ માટે માહિતી સ્ત્રોત બની શકે.

Hartford HealthCareનાલેખિતપ્રકાશનોમાં "કૃપાકરીનેઅમારીઆર્થિકસહાયતાનીનીતિવિષેપૂછો" એવીટૅગલાઈનનોસમાવેશકરવો.

## VI. આવરી લેવામાં આવેલ/આવરી લેવામાં ન આવેલ પ્રદાતાની સૂચિ.

પરિશિષ્ટCમાં તે બધા સ્વતંત્ર પ્રદાતાઓની સૂચી છે, જે Hartford HealthCareમાં નિયમિત રૂપે સારસંભાળ પ્રદાન કરે છે અને તે પણ છે કે તેમના દ્વારા પ્રદાન કરાતી સારસંભાળ આ નીતિ હેઠળ આવરી લેવાય છે કે નહીં. આ સૂચીને ઓછામાં ઓછી દર ત્રણ માસે અપડેટ કરવામાં આવે છે.Hartford HealthCareનું નિર્દેશક મંડળ પરિશિષ્ટCને આવશ્યકતાનુસાર અપડેટ કરવાનો અધિકાર કાર્યકારી ઉપાધ્યક્ષ અને મુખ્ય આર્થિક સેવા અધિકારીને આપે છે.

## VII.ફ્રી બેડ ફંડ્ઝ સાથેનો સંબંધ.

જો દરદી આર્થિક સહાયતા માટે અરજી કરે તો હૉસ્પિટલ આર્થિક સહાયતા અને/અથવા ફ્રી બેડ ફંડ્ઝ માટે તેમની યોગ્યતા નક્કી કરશે. આર્થિક સેવાઓ માટેના કસ્ટમર સહાયક વિભાગને 860-696-6010 પર કૉલ કરીને હોસ્પીટલની ફ્રી બેડ ફન્ડ યોજના વિષે માહિતી મેળવી શકાય છે.

## VIII. National Health Services Corps (NHSC) દ્વારાપ્રમાણિતજગ્યાઓ

National Health Services Corps (NHSC)-માન્ય સ્થળોએ, અથવા NHSC ની માન્યતા મેળવવા માંગતા સ્થળોએ, સ્લાઇડિંગ ફી સ્કેલ પર ડિસ્કાઉન્ટ માટે પાત્રતા નક્કી કરવા માટે ઘરમાં રહેતા આશ્રિતોની સંખ્યાના આધારે, માત્ર આવક અને કુટુંબના વિસ્તારના ઘટકો જ છે. કુટુંબના કદ અને આવકથી વધુ પ્રશ્નોના જવાબો આપવામાં થતી ભૂલચૂકને લીધે, NHSC ના સ્થળોએ પાત્રતા નક્કી કરવા પર કોઈ અસર પડશે નહીં.

a. જે દર્દીઓ નાણાકીય સહાય માટે પાત્ર થવા માટે ઓળખવામાં આવ્યા છે જેમની સેવાઓ NHSC સાઈટ પર છે, તેઓ HHC આવરી લેવામાં આવેલા તમામ સ્થાનો પર નાણાકીય સહાય માટે પાત્ર ગણવામાં આવશે.